सत्यमेव जयते

**દાખલ તારીખઃ–**

**ફેસલ તારીખઃ– ૯–૯ –૨૩**

**કુલ સમય ગાળોઃ–**

**...વર્ષ..... માસ....... દિવસ.**

**વાપીના મે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની અદાલતમા, વાપી.**

**CC NO. 460-2022**
**આંકઃ**

**ફરીયાદીઃ– શ્રી સરકાર.**

**વિરુધ્ધ.**

**આરોપીઃ– અનુભવ વિનોદ જયસ્વાલ, રે. વાપી.**

**ઈ.પી.કો.કલમ– ૩૫૪(એ) વિગેરે.**

**ફરીયાદપક્ષે મદદનીશ સરકારી વકીલશ્રી પાટણવાડીયા.**

**આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી પી.જે. દેસાઈ.**

**// ઠ રા વ //**

૧). ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપીએ બનાવ સમયે ફરીયાદી સાથે પ્રેમસબંધ રાખવા તેનુ લોકેશન મેળવી પીછો કરી ફોન કરી વારંવાર શારીરીક છેડતી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરીયાદીના ચારીત્રય વિશે ખોટી વાતો કરી ગુનો કરેલ છે.

૨). સદર કામે આરોપીને સમન્સ કરતા તેઓ ને બજી જતા તેઓ કોર્ટ માં હાજર થતા તેમને પોલીસ તપાસ ના કાગળો ની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની સામે પ્લી રેકર્ડ કરી તે તેઓ ને વાંચી સંભળાવી સમજાવતા જવાબ લેવામાં આવતા તેઓ એ ગુના કબુલાત હકીકત નો ઈન્કાર કરતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

૩) સદર કામે ફરીયાદ પક્ષે તેમના કેસ ના સમર્થન માં નીચે મુજબ ના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

– સાહેદ નીતાબેનની જુબાની

– સાહેદ શ્યામસુંદરની જુબાની

– સાહેદ મીનાબેનની જુબાની

– સાહેદ કુતબુદ્દીનની જુબાની

– પંચ સાહેદ સુરેશભાઈની જુબાની

– કલોઝીંગ પુરસીસ

૪). સદર કામે ફરીયાદ પક્ષના પુરાવા ના અંતે આરોપીની સામે આવેલ પુરાવાનો ખુલાસો ક્રિ. પ્રો. કોડ ની કલમ ૩૧૩ અન્વયે લેવામા આવેલ છે. ફરીયાદ પક્ષે એ. પી. પી. શ્રીને તથા બચાવ પક્ષે વિ. વ. શ્રીને સાંભળવામાં આવેલ છે.

૫). સદર કામે બંને પક્ષ ની દલીલો તથા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા મારા નિર્ણયો માટે નીચે મુજબ ના મુદ્દા ઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ સાબીત કરે છે કે, આરોપીએ બનાવ સમયે ફરીયાદી સાથે પ્રેમસબંધ રાખવા તેનુ લોકેશન મેળવી પીછો કરી ફોન કરી વારંવાર શારીરીક છેડતી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરીયાદીના ચારીત્રય વિશે ખોટી વાતો કરી આ અદાલતની હકુમતમા ઈ.પી.કો. ક. ૩૫૪(એ)(ii)ઈ ૩૫૪(સી) ૩૫૪(ડી), ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલો છે?

(૨) શું હુકમ?

૬). ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

૭). ફરીયાદ પક્ષે તેમના કેસ ની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદી દીપા શ્યામસંદરને સમન્સ કરતા તેઓ વિદેશ ચાલ્યા ગયેલાનુ રેકર્ડ પર આવેલ છે. જે સબંધે ફરીયાદીના પિતા શ્યામસુંદર તથા તેમની માતા મીનાદેવીએ અદાલતમા સોગંદ પર પુરાવો આપી તેમની દીકરી વિદેશ ચાલી ગયેલ હોઈ અદાલતમા આવી શકે તેમ ન હોઈ તેઓ વધુ પુરાવો આપવા માંગતા ન હોવાનુ જણાવેલ છે. આ કામે સાહેદ નીતાબેને પુરાવો આપી ફરીયાદીના વાહનમા લોકેશન ટ્રેકર ફીટ કરાવેલાનુ જણાવેલ છે. પરંતુ બનાવ સબંધે તેઓને બીજી કોઈ માહિતી ન હોવાનુ જણાવેલ છે. સાહેદ કુતબુદ્દીને પણ ફરીયાદીના કેસને સમર્થન કરેલ નથી. પંચસાહેદ સુરેશભાઈને પણ ફરી ગયેલ જાહેર કરેલ છે. જેથી ફરીયાદી તરફે પુરાવો આપવા માંગતા ન હોવાનુ પુરસીસ રજુ થયેલ હોઈ વધુ પુરાવાનો હકક બંધ કરવામા આવેલ છે.

આમ સમગ્ર હકીકતે આરોપી તથા ફરીયાદી વચ્ચે ચાર્જશીટમા જણાવેલ છે તે મુજબના આક્ષેપોવાળો બનાવ બનેલાનુ પુરવાર થતુ ન હોઈ ખુદ ફરીયાદી પણ અદાલત સમક્ષ હાજર રહેલ ન હોઈ આક્ષેપાયેલ ગુના સાબિત થતા ન હોઈ તમામ હકીકતો અને પડેલ પુરાવા ને ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાના પુરાવા થી આરોપીને તેઓની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવી શકે તેવો કોઈ જ પુરાવો પુરવાર કરવામાં સદતંર નિષ્ફળ રહેલ હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ " ન કા ર માં " આપી મુદ્દા નં.ર માટે નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

## : આ ખ રી હુ ક મ ::

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો. ક. ૩૫૪(એ)(ii)ઈ ૩૫૪(સી) ૩૫૪(ડી), ૫૦૪, ૫૦૬(૨) આક્ષેપાયેલા શિક્ષા પાત્ર ગુના માંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવામાં આવે છે. મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો.

આરોપીના હાલના જામીનખત રદ કરવા તેમજ આરોપીઓએ સી.આર.પી.સીની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ થતા સુધીના જામીન રજુ કરવા.

તારીખ :–૯ સપ્ટે. ૨૪ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

| | | |
|---|---|---|
| | | ( બી. જે. પટેલ ) |
| | | એડીશ્નલ સિનિયર સીવીલ જજ અને<br>એડી. ચીફ જયુ. મેજી. વાપી. જી. વલસાડ. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |